# અરવલ્લી જીલ્લો અગનભઠ્ઠીમાં ફેરવાયો : તાપમાન ૪૫ ડીગ્રી

મોડાસા, તા.૪

અરવલ્લી જીલ્લામાં કાળઝાળ


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગરમીનુ મોઝુ હાવી થયુ છે.ગરમીના પ્રકોપ થી ધંધો અને રોજગાર ઠપ્પ થઈ ગયા છે સોમવારે સવારથી જ અસહય બફારો અને બપોર બાદ આકાશમાંથી અગનગોળા વરસતા હોય તેવી રીતે ગરમીનો પ્રકોપ તરી આવતા પ્રજા હેબતાઈ ગઈ છે અરવલ્લી જીલ્લાના મોડાસામાં ગરમીનો પારો ૪૫ ડીગ્રી એ પહોચ્યો હતો લમણા શેકી નાખતી ગરમી થી અરવલ્લી જીલ્લાની પ્રજા તોબા પોકારતી જોવા મળી હતી. જયારે અરવલ્લીના મોડાસા બાયડમાં ગરમીનો પાહો ૪૫ ડીગ્રી એ હોચતા સમગ્ર તાલુકામાં કુદરતી કરફયુ જોવા મળ્યો હતો અસંખ્ય લગ્નો તેમજ શુભ પ્રસંગો હોવાથી લગ્ન મંડપમાં જ લુ લાગવાના કારણે બાળકો અને વૃધ્ધોની તબીયત લથળતાં તાત્કાલીક તેમને પ્રાથમીક સારવાર આપવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ હતુ. ગરમીના કારણે મુંગા પશુઓ અને પક્ષીઓ પણ હેરાન પરેશાન થઈ ગયા છે જયારે આ ગરમીના કારણે કેટલાક કુટુંબોએ તો લગ્ન પ્રસંગોમાં જવાનુ અને ખાવાનુ ટાળી દીધુ છે.

સુરજદાદા ના આકરા મીજાજથી ઠંડક આપતા ઉપરકરણોમાં રહેતા લોકો પણ ફફડી ઉઠયા છે



છેલ્લા ૩ દિવસથી કાળઝાળ ગરમીએ અરવલ્લી જીલ્લાના બાયડ મોડાસા ધનસુરા માલપરુ મેઘરજ તાલુકાની લાખોની વસ્તી ને પ્રભાવીત કરી છે.

અસહય ગરમીના કારણે સનસ્ટરોક નુ મોજુ હાવી થઈ ગયુ છે જેના કારણે જીલ્લાની હોસ્પીટલો ઝાડા અને ઉલટીના દર્દીઓથી ઉભરાવા માંડી છે જયારે બાળરોગોની હોસ્પીટલો ગરમીથી લુ લાગવાના બનાવોથી ઉભરાવા માંડી છે. તા.૪ના રોજ સવારથી અસહય બફારાને કારણે અને બપોર થતાં આકાશમાંથી કુદરતે અગનજવાળાઓ વરસાવાનુ ચાલુ કરતાં કાળઝાળ ગરમી ના કારણે બપોરના સમયે શહેરના રસ્તાઓ સુમસામ ભાસતા હતા. વાહન ચાલકોએ પણ અસહ્ય ગરમીથી જીંદગી બચાવવા માટે જયાં છાયડો મળ્યો ત્યાં વાહનો થોભાવી નીદ્રામાં પોઢી ગયા હતા જે રીતે તાપમાનનો પારો છેલ્લા ૩ દિવસથી સતત ઉચકાઈ રહયો છે તેના કારણે નાળુ ખેતી તેમજ માનવ અને પશુ પક્ષીના જીવન પર ખતરો ઉભો થયો છે ગરમીના પ્રકોપની વચ્ચે લગ્નસરાની સીઝન પુરજોષમાં ખીલી હોવા છતાં



જાનૈયાઓ અને સગાઓની પાંખી હાજરી જોવા મળી છે જેના કારણ ભોજન વધી જવાનુ પણ જાણવાનુ મળ્યુ છે.

## ડીસામાં બિલ્ડીંગ મટીરીયલ્સની દુકાનમાં આગ : અંદાજે ૨૦ લાખનું નુકસાન

ડીસા, તા. ૪

ડીસા શહેરના કચ્છી કોલોની વિસ્તારમાં આવેલી ગણેશ બિલ્ડીંગ મટીરીયલ્સ સ્ટોરમાં શોટ સર્કિટને મટીરીયલ્સ સ્ટોરમાં શોટ સર્કિટને કારણે ભભુકેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા જોત જોતામાં આગ સમસ્ત સ્ટોરમાં ફેલાઈ ગઈ પાણીનો મારો શરૂ કર્યો હતો પરંતુ ત્યાં સુધીમાં તો સ્ટોરમાં પડેલ મોટા ભાગનું મટીરીયલ્સ તેમજ સરસામાન બળીને ભસ્મ થઈ જવા


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

કારણે આગ ભભૂકતા અંદર પડેલ સરસામાન બળીને ભસ્મીભૂત થઈ જતાં અંદાજે ૨૦ લાખનું નુકશાન થવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા શહેર આગ લાગવાની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે. થોડા દિવસો પહેલા એક સોના-ચાંદીના દાગીનાના શો-રૂમમાં શોટ સર્કિટને કારણે આગ ભભુકતા ૨૪ લાખનો મુદ્દામાલ બળીને ખાખ થઈ ગયો હતો. ત્યારે સોમવારના સવારે ૧૧ વાગ્યાના સુમારે શહેરના કચ્છી કોલોની વિસ્તારમાં આવેલ ગણેશ બિલ્ડીંગ હતી અને બિલ્ડીંગના મટીરીયલ્સ અને ફર્નિચર પર આગ ફરી વળતા બળીને ભસ્મ થઈ ગયુ હતું આ ઘટનાની જાણ કરાતા પાલિકાનું ફાયર ફાયટર દોડી આવ્યું હતું અને પામ્યો હતો. આ બાબતે ગણેશ બિલ્ડીંગ મટીરીયલ્સ સ્ટોરના મનુભાઈ ઠક્કરે ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદનોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ કરી છે.

## ભિલોડામાં ૪૨ ડિગ્રી ગરમીથી પ્રજાજનો પરસેવાથી રેબઝેબ

### જળાશયોના તળીયા દેખાયા ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ : હેન્ડ પંપો શોભાના ગાંઠીયા સમાન બનતાં મહિલાઓ હેરાન-પરેશાન

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઉનાળાની ઋતુ દરમ્યાન આકરા અસહ્ય તાપમાનના આક્રમણ વચ્ચે અગનજવાળાઓમાં પ્રજાજનો રીતસરના શેકાઈ રહ્યા છે. ભિલોડામાં ૪૨ ડિગ્રી ગરમીથી પ્રજાજનો પરસેવાથી રેબઝેબ બન્યા છે. જળાશયો, કુવાના તળીયા દેખાયા અમુક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ હોવાનું જાણવા મળેલ છે. અમુક ગ્રામ્ય વિસ્તારોમાં હેન્ડ પંપો શોભાના ગાંઠીયા સમાન હોવાના કારણે ગ્રામિણ વિસ્તારની મહિલાઓ હેરાન-પરેશાન હોવાનું જાણવા મળેલ છે.ભિલોડામાં ૪૨ ડિગ્રી સુધી ગરમીનો પારો પહોંચી ગયો છે. દેહ દઝાડતી અસહ્ય કાળઝાળ ગરમીથી પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પ્રજાજનો અસહ્ય ગરમીના કારણે પરસેવાથી રેબઝેબ થઈ જતા હોય છે. સીમ વિસ્તારોમાં સીમાડાઓ સુમસામ ભાસતા હોય છે.ઉનાળાની ઋતુ દરમ્યાન અસહ્ય કાળઝાળ ગરમીના પગલે ભિલોડાના હાર્દસમા


તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

માર્ગો ઉપર જાણે કે કરફ્યું જેવો માહોલ જોવા મળતો હોય છે.એક તરફ લગ્નસરાની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી છે ત્યારે ભિલોડાના બજારોમાં ધુમ ઘરાકી જોવા મળતી હોય છે. વેપારીઓને તો જાણે કે ઘી-કેળાં થઈ ગયા હોય તેમ લોકમુખે જાણવા મળેલ છે. ઉનાળાની ઋતુ દરમ્યાન દિન-પ્રતિ-દિન અસહ્ય કાળઝાળ દેહ દઝાડતી ગરમીનો પારો એકા-એક વધતાં પ્રજાજનોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં આવેલા જળાશયો, કુવા, રીંગબોરમાં પાણીનો જથ્થો ઓછો થયેલ હોવાના કારણે આગામી દિવસોમાં પાણીની તીવ્ર તંગી વર્તાશે તેવા એંધાણ વર્તાય રહ્યા છે.વહીવટી તંત્રના અધિકારીઓ ધ્વારા આગોતરૂ આયોજનબધ્ધ કાર્યવાહી કરવી અત્યંત તાતી જરૂરીયાત છે.ભિલોડા તાલુકાના જાગૃત પ્રજાજનોના જણાવ્યા મુજબ સુજલામ્ સુફલામ્ યોજના, નર્મદાના નીર આપવાની મોટી-મોટી ગુલબાંગો પોકળ પુરવાર થઈ રહી હોય તેમ લોકમુખે જાણવા મળેલ છે. જળાશયોમાં પાણી ભરવામાં આ બધી યોજનાઓ કામમાં આવતી નથી.ભિલોડા તાલુકાના અમુક ગ્રામ્ય વિસ્તારોમાં શુધ્ધ પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઈ છે. આગામી દિવસોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ આ વર્ષે ચોમાસુ નિષ્ફળ જશે તો જળ સંકટની ગંભીર સમસ્યા સર્જાશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

## સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ ગુજરાતમાં ૧૭૨૪૭ ખાતા ખુલ્યા

સુકન્યા સમૃધ્ધિ યોજના હેઠળ ગુજરાત પોસ્ટલ સર્કલમાં ૧૪-૩-૧૫ સુધી ૧૭૨૪૭ સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ ખુલ્યા છે. સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ બાલિકાઓ માટે બચતની સ્કીમ છે. બાલિકાઓના કલ્યાણ અંતર્ગત આ યોજના ૨૨-૧-૧૫ના રોજ ખાસ બાલિકાના રક્ષણ, ઉચ્ચ શિક્ષણ તથા લગ્ન જરૂરીયાતો માટે શરૂ કરી છે. બાલિકાની ઉંમર ૧૦ વર્ષની થાય ત્યાં સુધી કુદરતી (જૈવિક) માતાપિતા કે કાનૂની વાલી બાલિકાના નામનું સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ કોઈપણ પોસ્ટ ઓફિસમાં ખોલાવી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે સુકન્યા સમૃધ્ધિ એકાઉન્ટ પર વ્યાજના લાગુ દર ૯.૨ ટકા છે.


(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

## ટીંટોઈ વિસ્તારના ૨૯ ગામોને નનામી વિતરણ કરાઈ

અરવલ્લીમાં ટીંટોઈ જિલ્લા પંચાયત વિસ્તારમાં આવેલા ૨૯ ગામોને આજે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા નનામીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત સાબરકાંઠા દ્વારા વર્ષ-૨૦૧૪-૧૫ દરમિયાન નાણાપંચની ગ્રાન્ટ અન્વયે જિલ્લા પંચાયતના સદસ્યોને પોતાના વિસ્તારના વિકાસ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. જે પૈકી મોડાસા તાલુકાના ટીંટોઈ વિસ્તારના જિલ્લા પંચાયત સદસ્ય અને અરવલ્લી જિલ્લા પંચાયતના વિરોધપક્ષના નેતા અરૂણભાઈ પટેલ તેમને મળેલ ગ્રાન્ટમાંથી તેમના વિસ્તારના ૨૯ ગામોને મંજૂર થયેલ ગ્રાન્ટ રૂ. ૧.૪૫ લાખની રકમની ૨૯ ગામોને નનામીનું જિલ્લા વિકાસ અધિકારી સુધીરભાઈ પટેલ અને ગામના સરપંચોની હાજરીમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

## રંગપુરમાં મકાનમાંથી ૪૭ હજારની ચોરી

હિંમતનગર તાલુકાના રંગપુર ગામના એક મકાનમાંથી તસ્કર ટોળકી શનિરવિના સમયગાળા દરમિયાન લોખંડની જાળીનું તાળુ તોડી સોનાચાંદીના દાગીના તેમજ રોકડ સહિત કુલ રૂા.૪૭,૭૦૦ ની માલમત્તા ચોરી જતા તે અંગે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં રવિવારે ફરિયાદ નોંધાઈ હતી.

રંગપુર ગામમાં બનેલી ચોરીની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર રંગપુર ગામમાં રહેતા નયનભાઈ બચુભાઈ ઠાકર હિંમતનગરના લક્ષ્મીનારાયણ મંદિર પાસે રહેતા હોઈ બંને બાજુ અવરજવર કરતા રહે છે. દરમિયાન શનિરવિના સમયગાળા દરમિયાન અજાણ્યા ઈસમોએ નયનભાઈ ઠાકરના મકાનને નિશાન બનાવી મકાનની લોખંડની જાળીના તાળા તોડી અંદર પ્રવેશ્યા હતા. ત્યારબાદ મકાનમાંથી દાગીનાના ડબ્બામાંથી તસ્કરો રૂા.૨૨૭૦૦ ની મત્તાના સોનાચાંદીના દાગીના ઉપરાંત રૂા.૨૫ હજારની રોકડ મત્તાની ચોરી કરી ભાગી છુટયા હતા. ત્યારબાદ પોતાના મકાનમાંથી તસ્કરો દ્વારા દરદાગીનાની ચોરી થયાની જાણ થતાં નયનભાઈ ઠાકરે આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં રવિવારે જાણ કરી હતી.

## મોડાસામાં તીક્ષ્ણ હથિયારો વડે ગાય પર હૂમલો

### અસામાજિક તત્વોના કૃત્યને લીધે હિન્દુ સમાજની લાગણી દુભાઈ

મોડાસા, તા. ૪

મોડાસા શહેરના મેઘરજ રોડ પર સ્થિત કુમાર છાત્રાલય પાસે ગઈકાલે રાત્રે કેટલાક અસામાજીક તત્વોએ હિન્દુઓની આસ્થાની પ્રતિક અને ગાયમાતા તરીકે પુજાતી ગાય પર તીક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરી ફરાર થઈ ગયા હતા. જેથી શહેરના જીવદયાપ્રેમીઓ અને નગરજનોમાં ઉશ્કેરાટ ફેલાયો હતો. જીવદયા પ્રેમી અને વેટરનરી ડૉક્ટરોએ ગાયને બચાવવા તાત્કાલિક સારવાર હાથ ધરી છે.

મોડાસા શહેરમાં પશુપાલકો દ્વારા પોતાના પશુઓને શહેરના માર્ગ પર રખડતા છોડી દેતા હોવાથી મોડાસા શહેરમાં ગાય અને ભેંસોની રાત્રી દરમિયાન ચોરી થઈ જવાના કેટલાય કિસ્સાઓ સામે આવ્યા કરતા હોય છે. ત્યારે ગઈકાલે રાત્રે મેઘરજ રોડ પર આવેલી કુમાર છાત્રાલય પાસે પશુચોરોએ કે પછી અસામાજીત તત્વોએ ગાયને ઉઠાવી જવા કે પછી મૃત્યુ નિપજાવવા માટે ગઈકાલે રાત્રે તીક્ષ્ણ હથિયાર વડે ગરદન પર હૂમલો કરી મારી નાખવાનો પ્રયાસ કરી નાસી છુટ્યા હતા. ત્યારે આજે વહેલી સવારે ગાયને કણસતી હાલતમાં જોતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે આ અંગેની જાણ મોડાસા શહેરના જીવદયા પ્રેમી તરીકે જાણીતા


(તસવીર : જય અમીન, મોડાસા)

નિલોકભાઈ જોષીને થતાં તાત્કાલિક ઘટનાસ્થળે જીવદયાપ્રેમીઓની ટીમ સાથે પહોંચી જઈને વેટેનરી ડૉક્ટરને બોલાવી ગાયને સારવાર આપવામાં આવી હતી. ડૉ. રાકેશ જોષી અને કિરણ પટેલે ગળાના ભાગે ૧૦૦થી વધારે ટાંકા લઈને ગાયને બચાવી લેવામાં આવી હતી.

મોડાસા શહેરમાં અરવલ્લી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાન હેઠળ અરવલ્લી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી રચના કરવામાં આવી હતી. જેમાં મોડાસાના અરવલ્લી જિલ્લાના પોલીસ વડા મયુરસિંહ ચાવડાનો પણ સમાવેશ થાય છે. અને જીવદયા પ્રેમીઓને આ સોસાયટીમાં સામેલ કરવામાં આવ્યા છે. ત્યારે મોડાસા શહેરમાં જ ગાય પર હૂમલાની ઘટના બનતા લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. તદ્ઉપરાંત મોડાસાના પ્રજાજનોએ માંગ કરી છે કે આવા અસામાજીક તત્વોને તાત્કાલિક ઝડપી લઈ જેલના હવાલે કરવામાં આવે.

## ભિલોડાના આનંદનગર સોસાયટી વિસ્તારમાં બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા

ભિલોડા,તા.૪

અરવલ્લી જીલ્લાના ભિલોડાના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં આવેલ આનંદનગર સોસાયટીમાં બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો તા.૧/૫/૦૧૫ થી તા.૩/૫/૦૧૫ દરમ્યાન કોઈપણ સમયે બંધ મકાનના તાળા તોડી મકાનમાં પ્રવેશ કરી લોખંડની પેટીમાં મુકેલ સુટકેશમાં સોનાની ચેન નંગ-૧, સોનાના બુટીયા નંગ-૪, છડા નંગ-૪ વિગેરે મળી કુલ રૂા.૪૩,૦૦૦/- ની માલ-મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડાના આનંદનગર સોસાયટી વિસ્તારના પ્રકાશભાઈ કાવજીભાઈ કટારા, મુળ રહેવાસી. સુનોખ, તા.ભિલોડાની ફરીયાદ પ્રમાણે ભિલોડા પોલીસે ગુનો દર્જ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧